# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

**Phone No: (0261)2662903, Fax No: 2662902, Email*suratdeo@gmail.com***

જા.નં./બોર્ડ/પરીક્ષા/૨૦૨૨/ ૪૦૩૮ તા.૧૭/૦૩/૨૦૨૨

પ્રતિ,

સ્થળ સંચાલકશ્રી/ આચાર્યશ્રી

SSC/ HSC પરીક્ષા માર્ચ-એપ્રિલ-૨૦૨૨

સુરત, જિલ્લો-સુરત.

વિષય: સ્થળ સંચાલકની મીટીંગમાં હાજર રહેવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી માર્ચ-એપ્રિલ-૨૦૨૨ માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ પરીક્ષા આ સાથે સામેલ સુરત જિલ્લાના પરીક્ષા કેન્દ્રો પર લેવાનાર છે જેના સ્થળ સંચાલકની મીટીંગ નીચે મુજબના સ્થળ, સમય અને તારીખે રાખવામાં આવેલ છે. જેમાં આ સાથે સામેલ બોર્ડના સંદર્ભપત્રના મુદ્દા.નં.૭ મુજબ તમામ સ્થળ સંચાલકોએ પરીક્ષા સ્થળ ઉપર પસંદ થનાર સ્ટાફની નિમણુંક યાદી બે નકલમાં લાવવાની રહેશે. ૧ નકલ ઝોનલ અધિકારીશ્રી મારફતે પ્રમાણિત કરાવવાની રહેશે.

**નોંધ: મીટીંગમાં સ્થળ સંચાલકે જ હાજર રહેવાનું રહેશે પોતાની સાથે કોઈ પ્રતિનિધિ લાવવા નહિ. તેમજ તમામ સ્થળ સંચાલકે ખંડ નિરીક્ષકની માહિતી સાથે લાવવાની રહેશે.**

| ક્રમ | વિગત | મીટીંગનું સ્થળ | તારીખ | સમય |
|---|---|---|---|---|
| ૧ | S.S.C. | ભગવાન મહાવીર ઇન્ટરનેશનલસ્કુલ, ન્યૂ વી.આઈ.પી. રોડ, ભરથાણા-વેસુ, સુરત. | ૨૧/૦૩/૨૦૨૨ | સવારે ૧૦.૦૦ કલાકે |
| ૨ | H.S.C. (સા.પ્ર./વિ.પ્ર.) | | ૨૧/૦૩/૨૦૨૨ | બપોરે ૦૧.૦૦ કલાકે |

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત.

બિડાણ: ઉપર મુજબ

**નકલ રવાના: જાણ તથા વ્યવસ્થા કરવા સારૂ..**

- આચાર્યશ્રી,ભગવાન મહાવીર ઇન્ટરનેશનલ સ્કુલ, ન્યૂ વી.આઈ.પી. રોડ, ભરથાણા-વેસુ, સુરત.

**નકલ રવાના: જાણ તથા કાર્યવાહી અર્થે..**

- ઝોનલ અધિકારીશ્રી તમામ, (SSC/ HSC પરીક્ષા માર્ચ-૨૦૨૨)

ક્રમાંક:મઉમશબ/મા.વિ/૨૦૨૨/ક/૧૩૩૩-૭૭

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,

ગાંધીનગર.

તા.૧૦/૦૩/૨૦૨૨

પ્રતિ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,

ગુજરાત રાજ્ય.

વિષય :- બોર્ડની જાહેર પરીક્ષા દરમિયાન પરીક્ષાસ્થળો ખાતે નિયુક્ત કરવાના સ્ટાફની નિમણૂક બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની જાહેર પરીક્ષા તા.૨૮/૦૩/૨૦૨૨ થી તા.૧૨/૦૪/૨૦૨૨ દરમિયાન સમગ્ર રાજ્યમાં યોજાનાર છે. બોર્ડની જાહેર પરીક્ષાની પૂર્વ તૈયારી માટે પરીક્ષામાં ઉપયોગમાં લેવાનાર તમામ પરીક્ષાસ્થળો (બિલ્ડીંગો) ખાતે નીચે મુજબ આનુષાંગિક કામગીરી પરીક્ષા શરૂ થયાના અગાઉના દિવસોમાં થાય તે સુનિશ્ચિત કરશો.

(૧) પરીક્ષાસ્થળ ઉપર CCTV કેમેરાની ચકાસણી અને CCTV વ્યુઈંગ માટે મોનીટર્સની સુવિધા અને CCTV યોગ્યરીતે સમગ્ર વર્ગખંડને આવરે છે કે નહિ તેની ચકાસણી તા.૨૫/૦૨/૨૦૨૨ અને તા.૨૬/૦૩/૨૦૨૨ દરમિયાન કરીને ચોકસાઈ કરવાની રહેશે.

(૨) બોર્ડના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના પરીક્ષાર્થીઓ તેઓની બેઠક વ્યવસ્થા અગાઉથી જોઈ શકે તે માટે તા.૨૭/૦૩/૨૦૨૨ ના રોજ પરીક્ષાર્થીઓ અને તેમના વાલીઓ માટે નિયત કરેલ સમય દરમિયાન પરીક્ષાસ્થળ ખુલ્લા રાખવાના રહેશે.

(૩) પરીક્ષાર્થીઓ તેઓની બેઠક વ્યવસ્થા જોઈ શકે તે માટે દરેક પરીક્ષાસ્થળ પર મુખ્ય ગેઈટની અંદરની સુચનાઓ, પરીક્ષાસ્થળમાં સમાવિષ્ટ બ્લોક અને ફાળવેલ બેઠક નંબરની વિગત, પરીક્ષાર્થીઓ માટેની મહત્વની સુચનાઓ જેવી વિગતો નિર્દેશિત કરાવવી.

(૪) પરીક્ષાસ્થળમાં ઉપયોગમાં લેવાનાર પરીક્ષાખંડોની ઓળખ થાય તે માટે દિશાસૂચકો, પરીક્ષાખંડના દરવાજા ઉપર બ્લોક નંબર નિર્દેશિત કરવો, પરીક્ષાખંડમાં બ્લેકબોર્ડ ઉપર બ્લોક નંબર, પરીક્ષાખંડમાં ફાળવેલ બેઠક નંબરની સીરીઝ, પરીક્ષાર્થીઓએ ઉત્તરવહી ઉપર લખવાની વિગતોની સમજ માટે નમૂનારૂપ લખાણ કરવા સૂચના આપવી.

(૫) દરેક પરીક્ષાખંડમાં પરીક્ષાર્થીઓના બેઠક નંબરોની કાપલીઓ / ચોક વડે લખવાની પ્રક્રિયા તા.૨૭/૦૩/૨૦૨૨ પહેલા કરવાની હોય છે. જેથી પરીક્ષાર્થીઓ તા.૨૭/૦૩/૨૦૨૨ ના રોજ તેઓની બેઠક વ્યવસ્થા જોઈ શકે.

(૬) પરીક્ષાસ્થળો ઉપર પરીક્ષાસ્થળના નિયામક, સરકારી પ્રતિનિધિ, મદદનીશ સ્ટાફ, ખંડ નિરીક્ષકો, સેવક વગેરેની નિમણૂક માટે નીચેની બાબતોના ચુસ્તપણે અમલ કરાવવા.

(૭) દરેક પરીક્ષાસ્થળ ઉપર પસંદ થનાર સ્ટાફની નિમણૂકની યાદી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / ઝોનલ અધિકારીશ્રી મારફતે પ્રમાણિત કરાવવાની રહેશે.

| ક્રમ | શિક્ષકનું નામ | ફરજની સંસ્થાનું નામ | હોદ્દો | વિભાગ માધ્યમિક / ઉ. માધ્યમિક | ભણાવતા વિષય | પરીક્ષાનો પ્રકાર SSC / HSC | પરીક્ષામાં સોંપેલ કામગીરીનો પ્રકાર | પરીક્ષામાં "સંબંધિ" ઉપસ્થિત થનાર છે ? હા અથવા ના |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |

નોંધ :- પરીક્ષાની કામગીરીમાં સંકળાયેલ સ્ટાફના "સબંધિ" SSC / HSC પરીક્ષા આપવાના હોય અને સોંપેલ ફરજના પરીક્ષાસ્થળ પર જ "સંબધિ" ઉપસ્થિત થનાર હોય તો તેવા સ્ટાફને SSC / HSC સિવાયની પરીક્ષાની કામગીરી સોંપવી.

(૮) જે પરીક્ષા માટે કામગીરી સોંપેલ છે. તે પરીક્ષા માટેના ખંડ નિરીક્ષકો / સહાયક સ્ટાફને તેઓ ભણાવતા વિષયનું સુપરવિઝન સોંપવુ નહિ.

(૯) જે સરકારી કે અનુદાનિત (ગ્રાન્ટ-ઈન-એઈડ) શાળાઓના મકાનનો ઉપયોગ પરીક્ષાસ્થળ તરીકે કરવામાં આવેલ નથી. તેવી સરકારી કે અનુદાનિત (ગ્રાન્ટ-ઈન-એઈડ) શાળાઓના સ્ટાફને પરીક્ષા કામગીરીમાં પ્રાથમિકતા આપવી, એટલે કે ઝોનલ કચેરી માટેના સ્ટાફ, સરકારી પ્રતિનિધિ અને પરીક્ષાસ્થળ ઉપરના સ્ટાફની જરૂરિયાત ધ્યાને લઈને અન્ય સરકારી કે અનુદાનિત (ગ્રાન્ટ-ઈન-એઈડ) શાળાઓના સ્ટાફનો ઉપયોગ કરવો જેથી પરીક્ષા સંચાલનમાં સરળતા રહે.

(૧૦) CCTV નું વ્યુઈંગ જેવી કામગીરી માટે દરેક બિલ્ડીંગમાં નિયત થયેલ જોગવાઈ મુજબ અનુભવી અને જાણકાર સ્ટાફની નિમણૂક થાય તેની તકેદારી રાખવી.

(૧૧) પરીક્ષાસ્થળના સ્ટાફની તાલીમ, PATA એપ્લીકેશન માટે પરીક્ષાસ્થળના સ્થળ સંચાલક અને મદદનીશ સ્ટાફને પણ જાણકારી આપવી.

(૧૨) સરકારી પ્રતિનિધિઓને પરીક્ષાસ્થળ ઉપર સમયસર પહોંચીને પરીક્ષાસ્થળની ભૌતિક સગવડો ચકાસવી અને કોઈ ગેરરીતિ પ્રેરક બાબતો ધ્યાને આવે તો તે બાબતો રોકવા જરૂરી કાર્યવાહી કરવી અને ઝોનલ અધિકારી / જિલ્લા શિક્ષણાધિકારીને તેની જાણકારી મળે તેવી સુચના આપવી.

(૧૩) પરીક્ષાના સમયપત્રક મુજબ શાળાની ઘડિયાળ અને તે મુજબ વોર્નિંગ બેલ સમયસર પડે અને થયેલ સમયની જાણકારી દરેક પરીક્ષાખંડના નિરીક્ષક દ્વારા પરીક્ષાર્થીઓને જાણકારી મળે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.

(૧૪) પરીક્ષાસ્થળમાં ઈલેક્ટ્રોનિક્સ સાધન મોબાઈલ કે સાઈંટીફિક કેલ્ક્યુલેટર કે અન્ય પરીક્ષાખંડમાં લઈ જવા ઉપર પ્રતિબંધિત ઉપકરણો લઈને પરીક્ષાર્થી પ્રવેશ ન કરે તે માટે પરીક્ષાસ્થળમાં પ્રવેશ પહેલા બહાર મૂકાવી દેવાની સુચનાઓ વર્તમાનપત્રો / જિલ્લા કક્ષાના વોટ્સએપ ગૃપો / TV ના માધ્યમથી જાણકારી આપવી.

(૧૫) પરીક્ષામાં બોર્ડ દ્વારા નિયત કરેલ ગેરરીતિ, ગુનો અને શિક્ષાત્મક કાર્યવાહીની જોગવાઈના પરિશિષ્ટ-અ અને પરિશિષ્ટ-ગ અંગે જાણકારી પરીક્ષા કામગીરીમાં રોકાયેલ સ્ટાફ અને પરીક્ષાર્થીઓ અને તેઓના વાલીઓને આપવી.

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>નકલ રવાના :-</u>

- પરીક્ષા સચિવશ્રી, વિજ્ઞાન પ્રવાહ / સામાન્ય પ્રવાહ / ધોરણ-૧૦, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર